આરસેટી દ્વારા બી.પી.એલ. તાલીમાર્થીને સ્વ-રોજગાર લક્ષી તાલીમ આપવાની યોજના અન્વયે ગ્રાન્ટ ફાળવણી કરવા બાબત.

વર્ષ: ૨૦૧૪-૧૫

આદેશ નં. જીએલપીસી/એમ.એફ.&એફ.આઇ./આરસેટીગ્રાંટ/૩૨૦૧૧૫૫/૦૨૧ /૨૦૧૪

ગુજરાત લાઈવલીહૂડ પ્રમોશન કંપની લી.

બ્લોક નં.૧૮, ત્રીજો માળ, ઉદ્યોગ ભવન, ગાંધીનગર.

તારીખ: ૦૧/૦૮/૨૦૧૪.

વંચાણે લીધા:

૧. પંચાયત,ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગનો ઠરાવ :આઇડીબી/૧૦૨૦૧૦/મિશનમંગલમ/૪૦૪/એસએફએસ/૨૧૯૪/ખ-૧,તા. ૩૧.૦૩.૨૦૧૦

૨. ગ્રામ વિકાસ વિભાગ, ભારત સરકાર દ્વારા રજૂ કરાયેલ આરસેટીની ગાઇડલાઇન

૩. ગુજરાત રાજ્યનાં એન.આર.એલ.એમ. વાર્ષીક કાર્ય આયોજનની મંજૂરી અન્વયે (ઇ.સી.) કમીટીની તા.૧૮/૦૨/૨૦૧૪ રોજ દીલ્હી ખાતે થયેલ મીટીંગની કાર્યવાહી નોંધ

**કાર્યાલય આદેશ:-**

સ્વર્ણિમ ગુજરાત વર્ષ નિમિત્તે ગુજરાત રાજ્યમાં મહિલાઓનાં સશક્તિકરણ અને ગરીબોનાં જીવનધોરણમાં સુધારો લાવીને માનવ સૂચક આંક (H.D.I.) માં સુધારો લાવવા માટેનાં હેતુથી “મિશન મંગલમ” નામનો કાર્યક્રમ સંપૂર્ણપણે રાજ્ય પુરસ્કૃત તરીકે રાજ્ય સરકારની ૧૦૦% આયોજીત (પ્લાન) જોગવાઈમાંથી અમલમાં મૂકવામાં આવેલ છે. મિશન મંગલમ કાર્યક્રમના અમલીકરણ માટે ગુજરાત સરકાર દ્વારા ગુજરાત લાઇવલીહૂડ પ્રમોશન કંપની લી. (જી.એલ.પી.સી.)ની સ્થાપના કરવામાં આવેલ છે.

ગુજરાત લાઇવલીહૂડ પ્રમોશન કંપની લી.(જી.એલ.પી.સી.) દ્વારા મિશન મંગલમ યોજનાની સાથે ભારત સરકારની સ્વર્ણ જયંતી ગ્રામ સ્વરોજગાર યોજના(એસ.જી.એસ.વાય.)ને સ્થાને અમલમાં મુકાયેલ નેશનલ રૂરલ લાઇવલીહૂડ મિશન (એન.આર.એલ.એમ.) યોજનાનું પણ ગુજરાત રાજ્યમાં અમલીકરણ કરવામાં આવે છે.

આરસેટી હેઠળ બી.પી.એલ. કાર્ડ ધારકને સ્વ-રોજગાર લક્ષી તાલીમ આપવા માટે થતા ખર્ચ માટે નેશનલ રૂરલ લાઇવલીહૂડ મિશન (એન.આર.એલ.એમ.) યોજના હેઠળ ગ્રાંટની જોગવાઇ છે. જે ગ્રાંટની રકમ તથા વર્ષ ૨૦૧૪-૧૫ માટેનો બી.પી.એલ. કાર્ડ ધારકની સ્વ-રોજગાર લક્ષી તાલીમનો રજૂ કરાયેલ લક્ષ્યાંક આરસેટી ગાઇડલાઇન મૂજબ પુર્ણ કરવા આથી આદેશ કરવામાં આવે છે. તાલીમના ખર્ચનું ચુકવણુ ગાઇડલાઇનની મર્યાદામાં રહીને ખરેખર થયેલ ખર્ચ અનુસાર જ ડી.આર.ડી.એ. દ્વારા આરસેટીને કરવાનું રહેશે તથા તાલીમ પામેલ બી.પી.એલ. લાભાર્થીઓનું ક્રેડીટ લીંકેજ આરસેટી દ્વારા કરવાનું રહેશે.

આ યોજનાની ગ્રાંટની રકમ મેનેજીંગ ડીરેક્ટર, ગુજરાત લાઈવલીહૂડ પ્રમોશન કંપની લી.ના એન.આર.અએલ.એમ.ના ખાતા નં.૨૪૬૪૦૨૦૦૦૧૩૫૫૨ બેંક ઓફ બરોડા, વિધાનસભા શાખા,

૨૦૬।
૫/૯/૧૫

ગાંધીનગરમાંથી જે તે નિયામકશ્રી, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીઓને નીચે દર્શાવેલ ગ્રાંટ ફાળવણી પત્રક મુજબ તેમની સામે જણાવેલ એન.આર.એલ.એમ બેંક ખાતામાં NEFT/RTGS થી તબદીલ કરવા આથી આદેશ કરવામાં આવે છે.

જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીઓને ફાળવેલ રકમનાં ખર્ચ અંગેનાં હિસાબો રાખવાનાં રહેશે તેમજ આ ગ્રાન્ટ જે હેતુ માટે ફાળવવામાં આવેલ છે તે જ હેતુમાં ખર્ચ કરી નિયત નમૂનામાં ગ્રાન્ટ વપરાશનાં પ્રમાણપત્રો અત્રેની કચેરીને મોકલવાનાં રહેશે.

આ અંગેનો ખર્ચ માઇક્રોફાઇનાન્સ અને ફાઇનાન્સિયલ ઇન્કલુઝન વર્ટીકલના એન.આર.એલ.એમ. આરસેટી ટ્રેનીંગ સદરે ઉધારવાનો રહેશે.

<u>આરસેટી દ્વારા બી.પી.એલ. કાર્ડ ધારકની તાલીમનો લક્ષ્યાંક તથા ગ્રાન્ટની ફાળવણી દર્શાવતુ પત્રક</u>

| અનુ. | જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીનું નામ | આરસેટી ગ્રેડીંગ | બી.પી.એલ.લા ભાર્થીઓ ની તાલીમનો લક્ષ્યાંક | આ હુકમથી છુટી કરવામાં આવેલ ગ્રાન્ટ (રૂ.લાખમાં) | બેન્કનું નામ | આ હુકમ દ્વારા રકમ ટ્રાન્સફર કરવા માટેનો એન.આર.એલ.એમ. બેંક ખાતા નંબર |
|---|---|---|---|---|---|---|
| ૧ | આણંદ | BA | ૮૦૦ | ૧૬.૦૦ | બેંક ઓફ બરોડા, આણંદ | ૦૯૪૦૦૧૦૦૦૨૫૫૧૦ |
| ૨ | ખેડા | AA | ૮૦૦ | ૧૬.૦૦ | બેંક ઓફ બરોડા, ખેડા | ૧૬૬૫૦૧૦૦૦૧૪૧૭૨ |
| કુલ | | | ૧,૬૦૦ | ૩૨.૦૦ | (અંકે રૂપિયા બત્રીસ લાખ પુરા) | |

આ અંગેનો ખર્ચ માઇક્રોફાઇનાન્સ અને ફાઇનાન્સિયલ ઇન્કલુઝન વર્ટીકલના એન.આર.એલ.એમ. આરસેટી ટ્રેનીંગ સદરે નાણાકિય વર્ષ ૨૦૧૪-૧૫માં ઉધારવાનો રહેશે.

મેનેજીંગ ડીરેક્ટર
ગુજરાત લાઈવલીહૂડ પ્રમોશન કંપની લી.
ગાંધીનગર

પ્રતિ,
જનરલ મેનેજરશ્રી (એકાઉન્ટ & ફાઈનાન્સ),
જી.એલ.પી.સી.,
ગાંધીનગર

<u>નકલ રવાના:-</u>

(૧) સિનીયર જનરલ મેનેજર-વ-નિયામકશ્રી, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી, આણંદ, ખેડા.

(૨) જીલ્લા લાઇવલીહુડ મેનેજરશ્રી, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી, આણંદ, ખેડા.